શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર દ્વારા સંચાલિત
સમસ્ત પરજીયા સોની સમાજનું મુખપત્ર

# પરજીયા પ્રકાશ

લવાજમ દર છુટક કિંમત રૂા. ૧૦/- દેશમાં આજીવન રૂા. ૫૦૧/- વિદેશમાં આજીવન રૂા. ૫૦૦૧/-
PARAJIYA PRAKASH YEAR 66 ISSUE 07-08-09 JULY- SEPTEMBER 2025

## સર્વે જ્ઞાતિજનોને દિપાવલી અને નૂતનવર્ષ ની હાર્દિક શુભેચ્છાઓ...

શ્રી કલ્યાણજીભાઈ હરજીભાઈ ચલ્લા   શ્રી શાંતાબેન કલ્યાણજીભાઈ ચલ્લા



"પરજીયા પ્રકાશ" આજીવન નિભાવ ફંડ યોજનાના મુખ્ય દાતા

આદ્ય તંત્રી :
સ્વ. દેવાયતભાઈ સોની
માનદ્ તંત્રી :
શ્રી નરેન્દ્રભાઈ ધકાણ

સંપાદક મંડળ :
શ્રી કાંતિભાઈ ઘઘડા
શ્રી કનુભાઈ ઘઘડા
શ્રી પુનીત ધકાણ
શ્રી દિવ્યેશ વાયા

# સ્મૃતિ વંદના



સ્વ. ગિરધરલાલ વીરજીભાઈ ઘઘડા
શ્રીજી ચરણ ૧૪-૧૧-૨૦૧૭



સ્વ. દયાબેન ગિરધરલાલ ઘઘડા
શ્રીજી ચરણ ૩૧-૦૭-૨૦૧૩



સ્વ. રેણુકાબેન પ્રદિપભાઈ ઘઘડા
શ્રીજી ચરણ ૦૫-૦૬-૨૦૧૯

ઠાકોરજી પ્રત્યેની આપશ્રીની અનન્ય ભક્તિ અને કુટુંબીજનો પ્રત્યેની
સ્નેહભાવના, નિખાલસ અને હસમુખા સ્વભાવનું સ્મરણ કરી
આપની સ્મૃતિમાં શ્રધ્ધાસુમન અર્પણ કરીએ છીએ...

**લી.**

શ્રી પ્રદીપકુમાર ગિરધરલાલ ઘઘડા
શ્રી રાજેશકુમાર ગિરધરલાલ ઘઘડા
શ્રી હર્ષવર્ધન પ્રદીપકુમાર ઘઘડા
શ્રી શિવમ રાજેશકુમાર ઘઘડા
વેરાડવાળા પરિવારના જયશ્રી કૃષ્ણ (હાલ વલસાડ)

**:: શુભેચ્છક ::**
શ્રી જય અંબે જ્વેલર્સ
દિક્ષીત મહોલ્લા, વલસાડ

શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર દ્વારા સંચાલિત
સમસ્ત પરજીયા સોની સમાજનું મુખપત્ર

# પરજીયા પ્રકાશ

વર્ષ - ૬૬

અંક - ૩

## સુવિચાર

- વહેચાતા વહેચાતા છેલ્લે ''હું'' (અહમ) જ વધ્યો. એ કોઈએ ના લીધો કેમકે એ બધા પાસે હતો.
- દુનિયાના બધા કોર્સ પુરા કરવા સહેલા છે પણ સ્વભાવ સુધારવાનો કોર્સ સૌથી અઘરો છે.
- આ અદ્રષ્ટ સૃષ્ટિમાં માણસનું કાંઈ મહત્વ નથી, પણ તેનો સમય કેવો ચાલી રહ્યો છે એનું મહત્વ છે.
- સુખ સવાર જેવું છે, માંગો તો નહિ જાગો તો મળશે.
- ધીરજ એટલે રાહ જાવાની ક્ષમતા નહિ પણ રાહ જાતી વખતે સ્વભાવને કાબુમાં રાખવાની ક્ષમતા.
- કડવાશ હશે ત્યાં સુધી હળવાશ નહીં આવે.
- મને એવી સવાર આપો પ્રભુ કે હું તમારી પાસે કાંઈ માગવાની જગ્યાએ તમે મને જે આપ્યુ છે તેને માણતા શીખું.
- સ્વાર્થ બળવાન છે એ જ કારણથી કયારેક શત્રુ મિત્ર અને મિત્ર શત્રુ બની જાય છે.
- પરિવર્તનથી ડરવું અને સંઘર્ષથી દુર થવું એ મનુષ્યની મોટી કાયરતા છે.
- બીજાની શિખામણ કરતાં પોતે કરેલી મથામણ જીવનમાં વધુ કામ આવતી હોય છે.
- ખોટા વિચારો અને ખોટા અનુમાન વ્યકિતને દરેક સંબંધથી જુદા કરી નાખે છે.
- દરવાજા ઉપર શુભ લાભ લખવાનો કોઈ અર્થ નથી વિચારો શુભ રાખો તો લાભ જ લાભ છે.

- સંપાદક મંડળ

શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર સંચાલિત કોર્પસ ફંડો

## ''પરજીયા પ્રકાશ'' નિભાવ ફંડ

### શુભેચ્છક દાતા

શ્રી રતિલાલ બાઉભાઈ રાઠોડ પરિવાર (ઉનાવાળા) હાલ યુ.એ.ઈ.

## આર્થિક સહાય અને કેળવણી કોર્પસ ફંડ

### મુખ્ય દાતાશ્રી

સ્વ. શ્રી લાલજીભાઈ જેઠાભાઈ વાયા - નાઈરોબી

સ્વ. શ્રી ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા - નાઈરોબી

સ્વ. શ્રી ભીમજીભાઈ જેઠાભાઈ વાયા - નાઈરોબી

હસ્તે : સ્વ. શ્રી જીવનલાલ ઓધવજીભાઈ વાયા - નાઈરોબી

### આશ્રય દાતાશ્રી

સ્વ. શ્રી છોટાલાલ દામજીભાઈ વાયા - લંડન હસ્તે : શ્રી રોહિતભાઈ છોટાલાલ વાયા - લંડન

સ્વ. શ્રી કાનજીભાઈ રણછોડભાઈ ઘઘડા અને સ્વ. હેમકુંવરબેન કાનજીભાઈ ઘઘડા

હસ્તે : શ્રી નટવરલાલ કાનજીભાઈ ઘઘડા - જામજોધપુરવાળા શારજાહ

શ્રી અશ્વિનકુમાર કાનજીભાઈ ઘઘડા - જામજોધપુરવાળા શારજાહ

શ્રી મનોજકુમાર કાનજીભાઈ ઘઘડા - જામજોધપુરવાળા શારજાહ

સ્વ. શ્રી નંદલાલભાઈ ઘઘડા અને સ્વ. ઉજમબેન નંદલાલ ઘઘડા

હસ્તે : શ્રી છગનલાલ નંદલાલ ઘઘડા (અમરવાળા) શારજાહ

## શ્રી મણીલાલ વલ્લભદાસ વાયા ''મેડીકલ સહાય ફંડ''

### મુખ્ય દાતાશ્રી

શ્રી મણીલાલ વલ્લભદાસ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ

શ્રીમતી જ્યોત્સનાબેન મણીલાલ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ

શ્રી ભાસ્કરભાઈ મણીલાલ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ

શ્રીમતી રક્ષાબેન ભાસ્કરભાઈ વાયા (ભીંડાવાળા) હાલ દુબઈ

# પ્રમુખ દાતા

(૧) સ્વ. શ્રી કાંતિલાલ રણછોડદાસ સતિકુંવર તથા શ્રીમતિ ધીરજબેન કાંતિલાલ સતિકુંવર
એડનવાળા (હા. લંડન) તથા તેમની સુપુત્રીઓ
જ્યોત્સનાબેન (શ્રીલેખાબેન) કે. સોની તથા બીનાબેન કે. સોની





જ્યોત્સનાબેન (શ્રીલેખાબેન) કે.સોની



બીનાબેન કે. સોની

(૨) ગં. સ્વ. વિજયાબેન નાથાલાલ જીવાભાઈ સાગર – મુંબઈ



હા. શ્રી બીપીનભાઈ નાથાલાલ સાગર
તથા
શ્રી પ્રદિપભાઈ નાથાલાલ સાગર

# આશ્રય દાતા

**સ્વ. શ્રી છોટાલાલ દામજીભાઈ વાયા - લંડન**
હસ્તે : શ્રી રોહિતભાઈ છોટાલાલ વાયા - લંડન

**સ્વ. દુધીબેન દામજીભાઈ દેવજીભાઈ વાયા - નાઈરોબી**
હસ્તે : સ્વ. શ્રી કાનજીભાઈ દામજીભાઈ વાયા - નાઈરોબી

**સ્વ.શ્રી પ્રાગજીભાઈ કલ્યાણજીભાઈ ધાનક તથા**
**સ્વ. કંચનબેન પ્રાગજીભાઈ ધાનક - લેસ્ટર (યુ.કે.)**
હસ્તે : શ્રી હિંમતલાલ પ્રાગજીભાઈ ધાનક - લેસ્ટર (યુ.કે.)
હસ્તે : શ્રી નવિનચંદ્ર પ્રાગજીભાઈ ધાનક - લેસ્ટર (યુ.કે.)
હસ્તે : શ્રી અરવિંદભાઈ પ્રાગજીભાઈ ધાનક - લેસ્ટર (યુ.કે.)
હસ્તે : સ્વ. ઈન્દુબેન કાંતિલાલ ઘઘડા - જામનગર

## સહાયક દાતા

૧) સ્વ.શ્રી જગજીવનભાઈ જેરામભાઈ ઘઘડા તથા
સ્વ. વિલાસબેન ચંદ્રકાન્ત જગજીવનભાઈ ઘઘડા ભાણવડવાળા (હાલ લંડન)
૨) સ્વ. દયાળજીભાઈ દેવરાજભાઈ ઘઘડા (વેરાડવાળા) ના પુણ્ય સ્મરણાર્થે
હ. શ્રી જયંતીલાલ (લંડન), શ્રી કિશોરચંદ્ર (રાજકોટ), શ્રી મહેન્દ્રકુમાર (જામનગર), શ્રી વિનોદરાય (જામનગર)
૩) સ્વ. શ્રી વિરજીભાઈ જેરામભાઈ ઘઘડા પરિવાર
હસ્તે : શ્રી કાલિદાસ વીરજીભાઈ ઘઘડા (નાગેશ્વરવાળા) મુંબઈ/શ્રી ભગવાનજી મોરારજી ઘઘડા (ટુપાણીવાળા) દ્વારકા
૪) સ્વ. દામજીભાઈ તુલસીદાસ થડેશ્વર તથા સ્વ. મુકતાબેન દામજીભાઈ થડેશ્વર (પટ્ટણી) જામનગરવાળા
હાલ લંડન
હસ્તે : શ્રી પ્રવિણભાઈ દામજીભાઈ થડેશ્વર - મુંબઈ તથા શ્રી યશવંતભાઈ દામજીભાઈ થડેશ્વર - મુંબઈ
૫) સ્વ. ભગવાનજીભાઈ તુલસીદાસ થડેશ્વર તથા સ્વ. કાંતાબેન ભગવાનજીભાઈ થડેશ્વર (પટ્ટણી) જામનગરવાળા
હાલ લંડન
હસ્તે : શ્રી નરેન્દ્રભાઈ ભગવાનજીભાઈ થડેશ્વર (પટ્ટણી) - લંડન
૬) ગં.સ્વ. શાંતાબેન ભગવાનજીભાઈ સાગર (નાંદરખી) હાલ લંડન
હસ્તે : શ્રી પ્રવિણભાઈ ભગવાનજીભાઈ સાગર - લંડન
૭) સ્વ. શ્રી પોપટલાલ વિરજીભાઈ ઘઘડા (નાઈરોબી, વેરાડવાળા) હસ્તે : શ્રી કિરીટભાઈ પોપટલાલ ઘઘડા

## શુભેચ્છક દાતા

૧) શ્રી રમણીકલાલ ગોરધનદાસ વાયા - રાણાવાવ
૨) સ્વ. ખીમજીભાઈ ઠાકરશીભાઈ ધાનકના સ્મરણાર્થે
હસ્તે : શ્રી હસમુખભાઈ ખીમજીભાઈ ધાનક - જામખંભાળીયા (કુવૈત)
૩) સ્વ. પ્રભુદાસ લખુભાઈ ચોકસી - વેરાવળ (શારજાહ)
૪) સ્વ. શ્રી મોહનલાલ નથુભાઈ પટ્ટણી તથા સ્વ. શ્રી કંચનબેન મોહનલાલ પટ્ટણી (લેસ્ટર - યુ.કે.)
૫) સ્વ. વૃજલાલ નાથાલાલ વાયા તથા સ્વ. કાંતાબેન વૃજલાલ વાયાના સ્મરણાર્થે
હસ્તે : સ્વ. શ્રી યોગેશ વૃજલાલ વાયા - જામનગર તથા શ્રી દિપક વૃજલાલ વાયા - રાજકોટ
૬) સ્વ. શ્રી ગોકુલદાસ જમનાદાસ સુરૂ (દાઠાવાળા) મુંબઈ
હસ્તે : ગં. સ્વ. શાંતાબેન ગોકુલદાસ સુરૂ તથા સ્વ. શ્રી અશોકકુમાર ગોકુલદાસ સુરૂ, શ્રી પરેશકુમાર ગોકુલદાસ સુરૂ
૭) સ્વ. અમૃતલાલ વલ્લભદાસ વાયા - દુબઈ (ભીંડાવાળા)
હ. શ્રી મનોજભાઈ, શ્રી મુકુન્દભાઈ, શ્રી ચેતનભાઈ, શ્રી ભાવેશભાઈ
૮) શ્રી હેમરાજભાઈ દેવકરણભાઈ વાયા (વિંઝલપર વાળા) કલબા - શારજાહ
૯) સ્વ. પોપટલાલ વિરજીભાઈ ઘઘડા (નાઈરોબી, વેરાડવાળા)
હસ્તે : શ્રી કિરીટભાઈ પોપટલાલ ઘઘડા
૧૦) સ્વ. લાભુબેન નાથાલાલભાઈ ઘઘડા લંડન (દ્વારકાવાળા)
૧૧) સ્વ. મગનલાલ ઓધવજીભાઈ વાયા - નાંદુરી (જામનગર)
૧૨) સ્વ. મગનલાલ મેઘજી ધાણક અને સ્વ. માણીબેન મગનલાલ ધાણક - જેતપુર
હસ્તે : શ્રી પ્રફુલ્લભાઈ મગનલાલ ધાણક - લંડન

## કન્યા કેળવણીના ફંડના મુખ્ય દાતા

સ્વ. કેશવલાલ મામૈયાભાઈ ચલ્લા તથા સ્વ. જમનાબેન કેશવલાલ ચલ્લા (સરસીયાવાળા)

## કન્યા કેળવણીના શુભેચ્છક દાતા

સ્વ. શ્રી પોપટલાલ વિરજીભાઈ ઘઘડા (નાઈરોબી, વેરાડવાળા) હસ્તે : શ્રી કિરીટભાઈ પોપટલાલ ઘઘડા



સ્વ. શારદાબેન
નરશીભાઇ ધકાણ

## ઉત્તરક્રિયા પ્રસંગે મેડીકલ સહાય ભેટ

સ્વ. શારદાબેન નરશીભાઇ ધકાણ (નંદાણાવારા) ની ઉત્તરક્રિયા નિમિત્તે સંસ્થા ને મળેલ મેડીકલ સહાય ભેટ

| | | |
|---|---|---|
| ૧) | સ્વ. શારદાબેન નરશીભાઇ ધકાણ (નંદાણાવારા)ની ઉત્તરક્રિયા તા. ૨૮-૯-૨૦૨૫ આસો સુદ-૭ ને રવિવાર ના રોજ મેડીકલ સહાય. | ૨૫૦૦/- |
| ૨) | નરેન્દ્રભાઇ રૂગનાથભાઇ ધકાણ - જામનગર | ૧૦૦૦/- |
| ૩) | શૈલેષભાઇ ચુનીલાલ ધકાણ - ભાટીયા | ૫૦૦/- |
| ૪) | કીશોરભાઇ ઠાકરશીભાઇ ધકાણ - નંદાણા | ૫૦૦/- |
| ૫) | ગોપાલભાઇ હિરજીભાઇ ધકાણ - મુંબઇ | ૫૦૦/- |
| ૬) | ભગવાનજીભાઇ મોરારજીભાઇ ઘઘડા - દ્વારકા | ૫૦૦/- |
| ૭) | રમેશભાઇ રણછોડદાસ વાચા - ખંભાલીયા | ૫૦૦/- |
| ૮) | રમેશભાઇ ચુનીલાલ વાચા - જામનગર | ૫૦૦/- |
| ૯) | સુનીલકુમાર હીરજીભાઇ સાગર - રાજકોટ | ૧૦૦/- |
| ૧૦) | તુલસીદાસ ગોવીંદભાઇ વાચા - ખંભાલીયા(દેવરીયા) | ૧૦૦/- |
| ૧૧) | ચંદુલાલ દેવરાજભાઇ વાચા - ભાટીયા (કેનેડી) | ૧૦૦/- |
| ૧૨) | મનોજભાઇ પરસોતમભાઇ ધકાણ - જામનગર | ૧૦૦/- |
| ૧૩) | જીતેન્દ્રકુમાર મગનલાલ કતીરા - રાજકોટ (કાલાવડ) | ૫૦૦/- |
| ૧૪) | મોહનલાલ લાલજીભાઇ ધકાણ - ભાટીયા | ૨૫૦/- |
| ૧૫) | હિતેષભાઇ પ્રભુદાસ ધાણક - રાજકોટ | ૨૦૦/- |
| ૧૬) | રમણીકલાલ આત્મારામ વાચા - રાજકોટ | ૧૦૦/- |
| ૧૭) | વશરામભાઇ ભાણજીભાઇ ધકાણ - જામનગર | ૨૫૦/- |
| ૧૮) | ભાવેશભાઇ નટવરલાલ ધકાણ - રાજકોટ | ૧૦૦/- |
| ૧૯) | કાનજીભાઇ વાલજીભાઇ વાચા-ખંભાલીયા | ૧૦૦/- |
| ૨૦) | ભીખનલાલ આત્મારામ વાચા - અમદાવાદ | ૫૦૦/- |
| ૨૧) | દામોદરભાઇ ઠાકરશીભાઇ ધાણક - જામજોધપુર | ૧૦૦/- |
| ૨૨) | વાલજીભાઇ દેવજીભાઇ ધકાણ - ભાટીયા (ગાગા) | ૧૦૦/- |

| | | |
|---|---|---|
| ૨૩) | મનોજભાઇ રામજીભાઇ ધકાણ - જામનગર | ૫૦૦/- |
| ૨૪) | મનીષભાઇ ભીખુભાઇ ધકાણ - ખંભાળીયા (ગાગા) | ૧૫૦/- |
| ૨૫) | જમનાદાસ ગોરધનદાસ વાયા - ખંભાળીયા (વિસોત્રી) | ૫૦૦/- |
| ૨૬) | પરેશભાઇ નટવરલાલ વાયા - રાજકોટ | ૧૦૦/- |
| ૨૭) | દિલીપભાઇ જીવનલાલ ઘઘડા - કલ્યાણપુર | ૧૫૦/- |
| ૨૮) | કૌશીકભાઇ હેમરાજભાઇ ઘઘડા - ભાણવડ | ૧૫૦/- |
| ૨૯) | હસમુખભાઇ મોનજીભાઇ વાયા - રાણ | ૨૦૦/- |
| ૩૦) | હરીશભાઇ ચુનીલાલ ધકાણ - ભાટીયા | ૫૦૦/- |
| ૩૧) | સુરેશભાઇ નરશીભાઇ - દેવરીયા | ૫૦૦/- |
| ૩૨) | વેરશીભાઇ સવજીભાઇ વાયા - કેનેડી | ૨૫૦/- |
| ૩૩) | કમલેશભાઇ કેશવજીભાઇ વાયા - કેનેડી | ૧૦૦/- |
| ૩૪) | ચીરાગભાઇ ભુપેન્દ્રભાઇ કાગદળા - જામનગર | ૧૦૦/- |
| ૩૫) | વૃજલાલ સુંદરજીભાઇ ધકાણ - ખંભાળીયા | ૨૫૦/- |
| ૩૬) | વિનુભાઇ રતનશી ધકાણ - ખંભાળીયા | ૧૦૦/- |
| | ટોટલ | **૧૨,૫૦૦-૦૦** |

## સંસારનું જ્ઞાન

ભારદ્વાજ મુનિ દેવગુરૂ બૃહસ્પતિના પુત્ર હતા. તેઓ સંપૂર્ણ જ્ઞાન મેળવવા માગતા હતા. તેમનો વિચાર એવો હતો કે, તેમને સંસારની તમામ વાતોનું જ્ઞાન થઇ જાય. તેના માટે તેઓ સતત અધ્યયન કરતા રહેતા હતા.

એક દિવસે બૃહસ્પતિએ પોતાના પુત્ર ભારદ્વાજને કહ્યુ, આખા સંસારનું જ્ઞાન વેદોમાં છે. જો તું વેદ ભણી લઇશ તો સમજી લે કે તને તમામ જ્ઞાન હાંસલ થઇ ગયું ગણાશે. પિતાની વાત માનીને ભારદ્વાજ વેદ ભણવા લાગ્યા. ભારદ્વાજ મુનિની સંકલ્પશકિત અને ભણવાની એકાગ્રતા જોઇને દેવરાજ ઇન્દ્ર પ્રસન્ન થઇ ગયા અને તેઓ ભારદ્વાજ સામે પ્રગટ થયા. ઇન્દ્રએ કહ્યું, હું તમારી લગન જોઇને બહુ પ્રસન્ન છું. થમે મારી પાસે વરદાન માગી શકો છો.

ભારદ્વાજે ઇન્દ્રને કહ્યું, સંસારમાં ઘણું જ્ઞાન છે, પરંતુ મારી ઉંમર બહુ ઓછી છે. કૃપા કરીને મારી ઉંમર સો વર્ષ વધારી દો. ઇન્દ્રએ તથાસ્તુ કહી ભારદ્વાજની ઉંમર સો વર્ષ વધારી આપી. ભારદ્વાજ મુનિને જ્ઞાન મેળવતાં મેળવતાં સો વર્ષ પણ વીતી ગયાં. ત્યારબાદ દેવરાજ ઇન્દ્રએ તેમની ઉંમર બીજા સો વર્ષ વધારી આપી. બીજા સો વર્ષ પણ વીતી ગયાં, પરંતુ ભારદ્વાજને સમગ્ર જ્ઞાન નહોતું મળી શકયું. જયારે બીજા સો વર્ષ પણ વીતી ગયાં, ત્યારે ઇન્દ્ર ભારદ્વાજ સામે પ્રગટ થયા અને બોલ્યા કે, ભારદ્વાજ, સામે ત્રણ પહાડ છે. શું આ પહાડોમાંથી એક એક મુઠ્ઠી લઇને આ પહાડોની વ્યાખ્યા કરી શકાય ? એ સંભવ નથી. એવી જ રીતે આ સંસારનું જ્ઞાન છે. સંસારનું જ્ઞાન અથાગ છે. કોઇ એક વ્યકિત માટે સંપૂર્ણ જ્ઞાન હાંસલ કરવું સંભવ નથી.

ભારદ્વાજ ઇન્દ્રના કહેવાનો અર્થ સમજી ગયા.

# ભૌતિક સુખ આંખો ઠારે છે, આત્મા નહિ !

ભગવાને કોઈની સાથે અન્યાય કર્યો નથી; પશુ-પંખી હોય, વનસ્પતિ હોય કે સૂક્ષ્મ જીવજંતુ હોય ; દરેકને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે કુદરતે પૂર્વ આયોજન કરીને જ પૃથ્વી પર મુકયાં છે. ભગવાન ભૂખ્યા ઉઠાડે છે, પણ ભૂખ્યા સૂવાડતો નથી! ચાંચ આપી છે તો ચણ આપશે જ - એવો દ્રઢ વિશ્વાસ દરેક સજીવને ઈશ્વર પર હોય છે! પરંતુ હળાહળ કળિયુગમાં માણસની અમર્યાદિત લોભ-લાલચને કારણે માણસ સિવાયનાં અન્ય સજીવોના અસ્તિત્વ સામે પ્રશ્ન ઊભો થયો છે !

જૂના જમાનામાં હજારો વર્ષ આયુષ્ય ભોગવનારો માણસ આજે પચાસ-સાઠમાં જીવનલીલા સંકેલી લે છે.! ઈતિહાસ ગવાહ છે : જ્યારે માણસ પોતાની મર્યાદા અને ઉચ્ચ વિચારો સાથે બીજાને મદદરૂપ થવાનો આશય રાખતો ત્યારે માણસ માણસ નહિ, પણ મહાત્મા ગણાતો હતો. એ માણસ આજે સંસ્કૃતિનું ભાન ભૂલી માત્ર ઈર્ષ્યાવૃત્તી, છળકપટ, દ્રેષભાવ, પક્ષાપક્ષીરૂપી દુશ્મનોના ષડયંત્રમાં એટલો વ્યસ્ત થઇ ગયો છે જેનું કોઇ માપ નથી ! સાંપ્રત સમયની કડવી વાસ્તવિકતા તો જુઓઃ સાચો માણસ 'ગાંડો' અને 'ઢોલકી' જેવું વર્તન કરનારનું ફૂલોની સેજ પર સ્વાગત કરવામાં આવે છે ! દિનપ્રતિદિન ભૌતિકવાદમાં ફસાતો જતો માણસ પોતાના સિદ્ધાંતોને ભૂલતો જાય છે. ફકત ભૌતિક સુખ-સગવડ પાછળ ઘેલો થયેલો માણસ સાચા સુખથી વંચિત રહી જાય છે અને માનવીય મૂલ્યોને જાણે વિસરતો જાય છે. મારું તારું કરવામાં વ્યસ્ત રહે છે. સ્વાર્થવૃત્તિને માન આપતો માણસ સહાયવૃત્તિને નફરતની નજરે જુએ છે ! ભલે, માણસના બાહ્ય કે આંતરિક સ્વરૂપમાં કોઈ ફરક પડયો નથી, પરંતુ તેની માનસિકતામાં જરૂર ફેર પડયો છે. યાદ રહે, સારા અને મહાન માણસો તો આજે પણ હયાત છે, પણ તેઓ જૂજ પ્રમાણમાં છે અને તેઓ જાહેરજીવનમાં આવવાનું ટાળે છે એટલે જ બીજા ફાવી જાય છે ! માટે સંસારનું ચક્ર વ્યવસ્થિત રીતે ચાલતું નથી. જ્યાં જુઓ ત્યાં વાદ-ઝઘડા અને કાવતરાંનો વાયરો વાતો હોય છે.

આજે દુનિયામાં ઉપદેશ આપનારાઓની સંખ્યા વધી રહી છે અને અનુસરનારાઓ નજરે પડતા નથી. માણસને પોતાના પગમાં બળતો દીવો દેખાતો નથી અને બીજાના દોષ વગર ચશ્માએ જોઈ લે છે ! હાય-હાય કરતો અને બંધ આંખે સપના જોતો માણસ કોઈપણ ભોગે સુખ શોધવા તત્પર રહે છે. પોતે સુખ મેળવી એનો આનંદ મેળવવાને બદલે બીજાને પોતાનું સામ્રાજ્ય બતાવવામાં સુખ શોધે છે! માણસ કૌટુંબિક વિખવાદો, માલ-મિલકતના ઝઘડા, રાજકીય વેરવૃત્તિ કે વિવાદોથી ઘેરાયેલો રહે છે. ભેગા રહીને સંયુકત આનંદની અનુભૂતિ મેળવવા કરતાં એકલવાયો બનીને બહેવાનું પસંદ કરે છે. ગાડી-બંગલા,માલ-મિલકત, જમીન વગેરે સ્થાવર કે જંગમ મિલકતમાંથી માણસને શારીરિક આરામ મળતો હશે, પરંતુ માનસિક આરામ મળવો અશકય છે ! આ હકીકત છે. માણસે સુખીથવા માટે મજુરી કરવી જ પડે અને કરવી જ જોઈએ. સુખ મેળવવા પ્રયાસો કરવા જ જોઈએ. પણ અહિયાં વાત માણસના મનની સંકુચિતતાની છે.

ભૌતિક સુખ તો માત્ર બાહ્ય સુખ છે, લોકોની નજરમાં સુખ છે. પરંતુ સાચું સુખ તો એ છે જ્યાં કુટુંબની લાગણીઓ - ભાવનાઓનો સમન્વય હોય છે. મા-કાકી બધાં એક છત નીચે જિંદગી જીવતાં હોય. વડીલોનું માર્ગદર્શન મળતું હોય અને યુવાનો (સ્ત્રીઓ-પુરૂષો) તેને અનુસરતા હોય. સુખની વહેંચણી અને દુઃખની બાદબાકી કરવામાં આવતી હોય. એકબીજા માટે ત્યાગની વૃત્તિ ધરાવતાં હોય. પ્રેમ અને વિશ્વાસને પ્રાધાન્ય આપવામાં આવતું હોય. સ્ત્રીઓને માન - પુત્રવધૂઓને દીકરીઓ ગણવામાં આવતી હોય. નાનામાં નાનો પ્રસંગ પણ આખું કુટુંબ સાથે મળીને માણે. જ્યાં માત્ર આનંદ, મોજ-મસ્તી, સ્નેહને જ સ્થાન મળતું હોય અને દુઃખ કે ઈર્ષ્યાની ગેરહાજરી હોય. મા-નુ કામ પડે તો કાકી, બાપનું કામ પડે તો કાકા હાજર થઇ જાય! રોજ દાદા-દાદીના મુખે સંસ્કારની વાતો સાંભળવા મળતી હોય. પ્રેમનો ગુણાકાર અને નફરતની બાદબાકી કરવામાં આવતી હોય ત્યાં 'સાચુ સુખ' જ નહીં 'સ્વર્ગ' જોવા મળે છે! સાચું સુખ પથ્થરના બંગલામાં કે લોખંડની ગાડીમાં નહિ, પણ માણસના સાથ-સહકારમાંથી મળે છે.

INTERNATIONAL DESTINATION

MAURITIUS | Singapore with Bali | MALDIVES | Srilanka
Phuket with Bangkok | Dubai | Singapore - Malaysia - Thailand | Star Cuises
Hongkong - Macau - Shenzhen | Europe | Turkey | Tashkent

DOMESTIC DESTINATION

Kerala | South India | Himachal
Kashmir | Leh-Ladakh | North- East
Uttranchal | GOA



Western Union • Transfast

Air Ticket ( Domestic and International) - Package Tour ( Domestic and International)
Hotel Booking - Railway e Ticket - Passport - Car rental - Visa - Car Rental

RAJKOT

DREAM Tours & Travels

JIGNESH GHAGHDA
98791 38231

322-RAJ PLAZA, NR. PREMJI VALJI JEWELLERS,
PALACE ROAD, RAJKOT-02 PH.2231038 , 3054214
FAX 2231038 E-MAIL: dreamtours@live.com

JAMNAGAR

Travelmart HOLIDAYS

MEHUL DHAKAN
81280 07777

2-SHIV APARTMENT, 1- PATEL COLONY ROAD NO-1
BEHIND PATEL SAMAJ, JAMNAGAR, GUJARAT-08
EMAIL- travelmart@live.com Ph. +91 288 2755007

# ચિ. પૂજન અને ચિ. શ્રીના નો એન્ગેજમેન્ટ સમારોહ






તા. ૩-૮-૨૦૨૫ ના રોજ નાઈચોશા ગાર્ડન લિમુરૂ, નાઈરોબી ખાતે
શ્રી હિરેનભાઈ મગનલાલ વાયા અને શ્રીમતી હંસાબેન વાયાના સુપુત્ર
**ચિ. પૂજન** નો એન્ગેજમેન્ટ **ચિ. શ્રીના**
શ્રી ભરતભાઈ રામજીભાઈ પટેલ અને શ્રીમતી હેમાલીબેન પટેલ નાઈરોબી ની સુપુત્રી
સાથે ખૂબજ આનંદ અને ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં સંપન્ન થયો.
આ પ્રસંગમાં બંને પક્ષના કુટુંબીજનો, સગા સ્નેહીઓ અને હિતેચ્છુ અને વડિલોએ
હાજરી આપી શોભામાં અભિવૃદ્ધિ કરી નવયુગલને શુભેચ્છાઓ અને આશીર્વાદ આપ્યા હતા.

# ચિ. જયદિપ અને ચિ. જિનાલી નો લગ્નોત્સવ







તા. ૧૬-૮-૨૦૨૫ ને શનિવારના રોજ શ્રીમતી કામીનીબેન અને શ્રી વિજયભાઇ ઘઘડાના
સુપુત્ર **ચિ. જયદિપ** નો શુભ લગ્નોત્સવ **ચિ. જિનાલી**
શ્રીમતી વર્ષાબેન અને શ્રી રશ્મિભાઇ પટેલની સુપુત્રી સાથે
ખૂબજ ધામધૂમ અને આનંદ ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં યોજાઇ ગયો.
આ શુભ પ્રસંગમાં જામનગર/દ્વારકા વાડી તરફથી શ્રી નરેન્દ્રભાઇ ધકાણ અને
શ્રીમતી રેણુકાબેન ધકાણ, દુબઇથી શ્રી નરેન્દ્રભાઇ ઘઘડા અને શ્રીમતી ઇન્દીરાબેન ઘઘડા,
નાઇરોબીથી શ્રી હિરેનભાઇ વાચા અને શ્રીમતી હંસાબેન વાચા અને
નાઇરોબીના શ્રી ચંદ્રકાન્તભાઇ વાચા અને શ્રીમતી નયનાબેન વાચા,
મુંબઇ વાડી તરફથી શ્રી અમુભાઇ ઘઘડા, શ્રી બાબુભાઇ સતીકુંવર,
શ્રી વલ્લભભાઇ ધોરડા, શ્રી રાજુભાઇ સતીકુંવર, શ્રી દિલીપભાઇ સાગર ઉપસ્થિત
રહીને સંસ્થાવતી આશિર્વાદ પત્રિકા અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી.
આ ઉપરાંત જુદી જુદી સંસ્થાઓ ભાણવડ, ઉપલેટા, મોમ્બાસા વિગેરે
સંસ્થાઓ તરફથી પણ શુભેચ્છા સંદેશ મળ્યા હતા.

# શ્રી વિજયભાઈ ઘઘડા – સન્માન સમારોહ








તાજેતરમાં નાઈરોબી ખાતે પધારેલા
પ.પૂ. શ્રી વૃજરાજ કુમારજી મહોદય
(ફાઉન્ડર ઓફ વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન-VYO)
વચનામૃત માટે આવેલા ત્યારે પટ્ટણી બ્રધર હુડમાં
તેમણે મુલાકાત કરી સૌ ભાવિકજનોને દર્શન આપી
કૃત્કૃત્ય કર્યા હતા. આ પ્રસંગે શ્રી વિજયભાઈ ઘઘડાને તેમની
અવિરત સામાજીક પ્રવૃત્તિ અને જ્ઞાતિહિતના કાર્યોમાં યોગદાન બદલ
શ્રી વૃજરાજકુમાર મહોદયે તેમને પ્રમાણપત્ર આપી ખેસ ઓઢાડી
સન્માન સાથે ભકિતસભર આશિર્વાદ આપી તેમની પ્રસંશા કરી હતી.

# પ.પૂ. શ્રી વૃજરાજ કુમારજી મહોદય





પ.પૂ. શ્રી વૃજરાજ કુમારજી મહોદય (ફાઉન્ડર ઓફ વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન-VYO)
ની આ મુલાકાત પ્રસંગે લાયન્સ કલબ ઓફ હુરૂ દ્વારા જરૂરીયાત મંદ બાળકોને
ભોજન/ફૂડ પીરસવામાં આવ્યું હતું. જેમાં લાયન્સ કલબના શ્રી હિરેનભાઈ વાયા,
શ્રી મનોજભાઈ વાયા વિગેરેએ સાથ આપ્યો હતો.

# સ્વ. નાથાભાઈ ઝગડા
# અંગત પરિચય શ્રી મોદીજીની કલમે....



મા.શ્રી નરેન્દ્રભાઈ મોદી






સ્વ. શ્રી નાથાલાલ ઝગડા

પ્રસ્તાવના : તાજેતરમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૭૫માં જન્મ દિવસે ઈન્ટરનેટ થ્રુ કેટલુંક સાહિત્ય મળ્યું જે વાંચીને નવાઈ લાગી. શ્રી નરેન્દ્રભાઈ ખૂબજ વ્યસ્ત હોવા છતાં તેમણે કેટલીક સાહિત્ય/જીવન કૃતીઓ સમાજને અર્પણ કરેલી છે.

મને મળેલ તેમનો કાવ્ય સંગ્રહ ‘‘આંખ મારી ધન્ય છે’’ ખૂબ જ સુંદર અને મનનીય કાવ્યની રચનાઓનો ખજાનો છે જે માણવાલાયક છે.

આ ઉપરાંત જનસંઘની રચના પછી શ્રી નરેન્દ્રભાઈના સંપર્કમાં આવેલા તેમના વડીલો/સાથીઓ અને ગુરૂઓ વિશે તેમણે આ બધા માટે અંગત પરિચયના લેખો લખ્યા છે જે ‘‘જ્યોતિપુંજ’’ તરીકે પ્રગટ થયેલ છે.

આપણા સમાજના વડીલ સ્વશ્રી નાથાભાઈ ઝગડા (સંગઠન મંત્રી-જનસંઘ) વિશે તેમણે ખુબજ તાદ્દશ અને ઝીણવટ પૂર્વક અંગત પરિચય આપેલ છે.

જે જ્ઞાતિજનોની જાણ માટે અહીંથી રજુ કરેલ છે. માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ પ્રયાસને બિરદાવીએ છીએ અને સ્વ.શ્રી નાથાભાઈ ઝગડાના પાત્રને ‘‘જ્યોતિપુંજ’’ દ્વારા પહોંચાડવા બદલ આભાર માનીએ છીએ.

– કાંતિભાઈ ઘઘડા

# '' કાંતિલાલ રતિલાલ ધકાણ (નાનાજી) ની વિદાય ''



સ્વ. કાંતિલાલ
રતિલાલ ધકાણ (નાનાજી)

કાંતિલાલ રતિલાલ ધકાણ એટલે નાનાજી.... અચાનક વિદાય સાથે વિસાવદરનો એક ખૂણો ખાલી રહેશે કાયમ માટે. જ્યારે વેકેશન પડે ને એમને મળવાનું થાય ત્યારે એમના જાજરમાન સ્વભાવનો અનુભવ મળે. એમને કાયમ પરિવાર સાથે બસ સહજ બેઠેલા જોયા હોય. એ સંવાદના નહીં, સંવેદનાના તપસ્વી લાગે. જીવનના અથાક પ્રવાસો, અફાટ કથાઓ અને અખૂટ મુલાકાતીઓના મહેરામણ વચ્ચે પરિવારની ધરી બનીને રહ્યા. એ જ્યાં હાજર હોય એ જગ્યા એમનાથી જ રળિયાત હોય. સેવા પણ એમણે કરી હોય એમના વડીલોની અને સ્નેહ પણ આપ્યો હોય હોય દરેક સંતાનોને. એટલે જ તો એ શીતળતા અને હૂંફ જેવા બે વિરોધાભાસી લાગતા ગુણો એક સાથે આપે અને આસપાસના વાતાવરણને અજવાળે.

એમના જીવન દ્વારા મળેલી પરમ સાધુતાની ફોરમ હંમેશા શીતળતા પીરસતી રહેશે. છેલ્લા દિવસોમાં જીવનના સંઘર્ષો અને આટલી ઉપલબ્ધીઓ બાદ પણ એમની આંખના કોઇ એક ખૂણે અદ્રશ્ય આંસુ દેખાતું, પણ એ તો કાયમ આ સંસારની પેલે પારના પ્રવાસી હતા. એ પ્રચલિત અર્થમાં વિરકત બનીને દુનિયાની દૂર નહોતા રહેતા, પણ એમનું ચૈતન્ય એ હદે નિજમસ્ત હતું, કે સ્થૂળ દુનિયાદારી એમનાથી આપોઆપ દૂર થઇ જાય. એમના એ હૈયામાં છેલ્લે સુધી પણ બધા માટે આવો જ મીઠો આવકારો હતો, અને બધાના નામ લઇ ખબર અંતર પૂંછતાં, હોંકારો પણ આપતા ! કેવી ગજબની સ્વસ્થતા.....

નાનપણમાં જ્યારે પણ એમને જોયા હોય ત્યારે હિંડોળે બેસીને કોઇક પુસ્તક વાંચતા જોયા હોય. જેમ હિંડોળો સેલ્લારા મારતો હોય ત્યારે ગતિ હોવા છતાં એની સ્થિરતા છોડતો નથી, એમ એ બહારથી ભલે આંદોલનમાં લાગતા પણ એમનું સ્થાન અવિચળ રહેતુ. એ એવી પરમ પ્રેમની અને સેવાની અવસ્થાએ હતા જ્યાં ભીતરની સ્થિરતા થકી બહારનો લય આંદોલિત થયા કરતો. એમની કરૂણા પણ એટલી કોમળ હતી કે એમના દિાયના સમાચાર મળ્યા ત્યારે એમના આખા જીવનનો વર્ષોમાં વિસ્તરેલો પ્રસંગપટ એમની આસપાસના દરેક વ્યકિતનાં આંખ સામે પણ તરવરી ગયો. એ એટલે જ તો બધાને આટલા વ્હાલા હતા કે આટલું મોટું વ્યકિતત્વ હોવા છતાં, આટ-આટલી ઉપલબ્ધીઓ મેળવવા છતાં એ કોઇ અલગ લોકમાં બેઠેલા મૂર્તિ

જેવા લાગતા દિવ્ય દેવ નહિ, લોકો વચ્ચે જઇને એમની સાથે જીવતા મીઠડા માણસ બની રહેતા, ભીના અને ભવ્ય મનુષ્ય... પોતાની ઉપર પડેલી કોઇ તકલીફને લીધે બીજા સજળ ન થાય એ માટે અંગત લાગણીઓ આડે સજ્જડ કમાડ વાસવાનું કઠણ કાર્ય એક મોભી બનીને કરતાં રહેતા.

આજે પણ કોઇ પણ જગ્યાએ એમનું નામ જ્યારે વાંચુ ત્યારે એક પવિત્ર પુલકિત જળપ્રવાહનું સ્મરણ અવશ્ય થાય. સદા વહેતો અને સતત પોષતો જળપ્રવાહ. બધું આપ્યા પછી કશું ન માંગતો જળપ્રવાહ. એમણે પોતે સદાય શૂન્યવત રહી એમના સંસારના કેન્દ્રને, એમના સ્નેહના આધારને, એમના પરિવારને, સમાજને, મિત્રોને કે કોઇ અજાણ્યાને પણ આપણા બધાના સંસાર સાથે વહેંચીને જે મૌન દાતારી કરી છે - એ સમર્પણ માટે સત્ય, પ્રેમ, કરૂણામય જેવા અનેક ભાવો એમના ઋણી છે. એમનાજીવનને યાદ કરતા છેલ્લે એટલું તો જરૂર લખી શકું કે એમણે સમાજને તથા પરિવારને આપેલા સંસ્કારના દીવડાઓમાં એમનો સ્નેહ (હિન્દીમાં સ્નેહનો એક અર્થ તેલ પણ થાય પણ થાય સ્નિગ્ધતાના રૂપે) પ્રકાશ પાથરતો રહ્યો અને હંમેશા રહેશે. એ હંમેશા આમ જ પોતીકાઓના દેહમાં કોષ બનીને અને દિમાગમાં સ્મરણકોશ બનીને જીવતા રહે એ પ્રાર્થના....

સુવાસિત, સુવ્યવસ્થિત અસ્તિત્વને વિદાયવંદન...

છેલ્લે એમના ખુમારી ભરેલા સિનિયર સિટીઝન જીવનને સમર્પિત...

''નિવૃત થયો નોકરીથી; કદી નકામો થયો નહિ,
છુટ્ટો ન થયો સન્માનથી; કદી સજા મુકત થયો નહિ.
કોઈની રહેમ દ્રષ્ટિ કે કૃપાની; નો'તી જરૂર એને,
અડીખમ રહ્યો એવો; કદી લાચાર થયો નહિ.
એને અજમાવવાની કોશિશ ઘણી વખત થઇ હશે,
પડકારો જીલ્યા છે પારાવાર; કદી પરાસ્ત થયો નહિ.
ઉમર વધી જવાથી; ઇચ્છાઓ મરી જતી નથી !
બહુ જોર રાખીને બાજુઓમાં; કમજોર થયો નહિ.
ખાલી હાથ આવ્યો ભલે; સાવ ખાલી ગયો નહિ!
અકબંધ અંતરમાં યાદો; કોઇથી વિસરાઇ ગયો નહિ.
હાથમાં હતા શ્વાસ; ત્યાં લાગી સંભાળી જાતને,
મસ્ત; આંખો મીચાયા પછી'ય, પરતંત્ર થયો નહિ.
સેવા, જપ, જાત્રા કરીને, વૃદ્ધિ પામી જિંદગી!
ઘરેડ કાઢી મનમાંથી, 'માનવી' ઘરડો થયો નહિ!'

**– ભૃગુરાજ સોની, જામનગર**

॥ જય ગુરુદેવ ॥

# સિલ્વર®

SILVER

## પમ્પસ્ એન્ડ મોટર્સ

ગ્રાહકની સેવામાં ૧૯૮૧થી

## સંપૂર્ણ સ્ટેનલેસ સ્ટીલ પમ્પસ્

અમે માનીએ છીએ કે
ટેકનોલોજીનો કોઇ અંત નથી.

સિલ્વર® પમ્પસ્ એન્ડ મોટર્સ
ની સામે બીજું
કંઇ નહી ચાલે...!!

ISO 9001 CERTIFIED

## ફરક જાણો

**સિલ્વર પમ્પસ્ ના નવા 2 IN 1 S.S. સબમર્સીબલ પમ્પસ્ સાથે બીજી કોઇ પણ પમ્પસ્‌ના ૫૦ ફુટ પર સ્ટેજ તેમજ મીક્સફ્લો મોડલ સાથે સરખાવો અને ફરક જાણો.**




## લો વોલ્ટેજ

**માં પણ વધારે પાણી આપતા પંપોની વિશાળ શ્રેણી**

**V-4 Fully S.S. Pump**
0.50 to 7.50 HP.
**Head upto 435 Mtrs.**
Discharge upto 160 LPM

**V-6 Fully S.S. Pump**
3.00 to 35.00 HP.

Neelkanth Art Cell: 94283 40094

In Customers Service
51 Since More Than Years.

ઓથો.ડીલરઃ

SAGAR MACHINERY STORES
SMS
Since: 1964

સાગર
મશીનરી સ્ટોર્સ

શોપ નં.૧/૨, રિધ્ધિ સિધ્ધિ માર્કેટ,
નાગરીક બેંક નીચે, સાવરકુંડલા - ૩૬૪૫૧૫
ફોન : (૦૨૮૪૫) ૨૪૨૯૨૫ / ૨૪૨૩૪
મો. ૯૪૨૬૪ ૩૭૯૬૫

## " શ્રી નાથાલાલ ઝગડા-પરિચય " મોદીજીની કલમે



સ્વ. શ્રી નાથાલાલ ઝગડા

જીવનભર સંઘર્ષ કરનાર નાથાભાઈ છેલ્લા કેટલાય સમયથી મૃત્યુ સામે સંઘર્ષ-રત રહ્યા. શરીર સાથ નહોતું આપતું છતાંય મૃત્યુને હાથતાળી આપવામાં એ અનેક વાર સફળ રહ્યા.

ગુજરાતમાં ઠેરઠેર જાહેરસભાઓ ગજવતા નાથાભાઇને જોઇને કોઇનેય અંદાજ ન આવે કે જિંદગીમાં કેવા સંઘર્ષ કરીને તેઓએ કદ કાઢ્યું છે.

બાળપણથી જ ગરીબીમાં ઉછેર. ભણવાનું તો ક્યાંથી નસીબમાં હોય ! માંડ બેચાર ચોપડી શાળાએ જવાનું થયું. ગરીબીમાં જીવતા પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવા, રમવા-ખેલવા-કૂદવાની ઉંમરે જ પેટિયું રળવાનો નાનકડો પ્રયાસ હાથ ધર્યો. હજુ તો માંડ ૧૦-૧૨ વર્ષની ઉંમર થઇ હશે. કર્ણાવતીના ઘીકાંટા વિસ્તારના પ્રકાશ સિનેમામાં હાથમાં થાળી લઇને ચોકલેટ, બિસ્કિટ અને પીપરમેન્ટ વેચીને પરિવારમાં મદદરૂપ થવાનો પ્રયાસ શરૂ કર્યો. પાંચ-સાત વર્ષનું જીવનનું હસતું-ખેલતું બાળપણ હોમી દીધું. જુવાનીમાં પગભર થવાના ઈરાદાથી પરિવારનો પરંપરાગત સોનીકામનો ધંધો શીખવાનું શરૂ કર્યું. એ જ દિવસોમાં કાલુપુરમાં રા.સ્વ. સંઘના સંપર્કમાં આવ્યા. સોનુ ઘડવાના કારીગર બનવાની અને સ્વયંસેવક બનવાની પ્રક્રિયા એક સાથે જ શરૂ થઈ.

સ્વ. રાજપાલપુરીજી, સ્વ. મધુકરરાવજી ભાગવત, સ્વ. લક્ષ્મણરાવ ઈનામદાર (વકીલસાહેબ) ને નિકટથી જોવાનું તેમને સૌભાગ્ય મળ્યું. વકીલસાહેબના કહેવાથી સોનીકામ શીખતાં-શીખતાં માણેકચોકના સંઘ કાર્યાલયમાં રહેવા લાગ્યા. પરિવાર સંપર્ક અને આગતા-સ્વાગતા એ નાથાભાઇના અદ્ભુત ગુણો હતા. સંઘકાર્યની અનેક નાનીમોટી જવાબદારીઓ એમના ઉપર આવવા લાગી. જેમ-જેમ જવાબદારી વધતી ગઇ તેમ-તેમ નાથાભાઇએ સ્વ-વિકાસ તરફ પણ ધ્યાન કેન્દ્રિત કર્યું.

૧૯૬૧-૬૨ના ગાળામાં નાથાભાઈએ પ્રચારક જીવનની શરૂઆત કરી. સોનું ઘડવાનું છોડી જીવનઘડતરના કામમાં જીવન લગાવ્યું. એ દિવસોમાં જનસંઘના સંગઠન મંત્રીથી થઇ. વસંતભાઇ-નાથાભાઈની જોડી જનસંઘના વિકાસ અને વિસ્તાર માટે દોડતી રહી. વસંતભાઈની બુદ્ધિપ્રતિભા અને નાથાભાઇની કોઠાસૂઝની જોડીએ જનસંઘનો પાયો મજબૂત કર્યો.

નાથાભાઇના જીવનમાં અનેક ઉતાર ચડાવ આવ્યા. એક અર્થમાં કહીએ તો નાથાભાઇને ખરેખર સંતોષકારક કામ કરવા માટે માંડ દોઢ દાયકાનો સમય મળ્યો. પરંતુ દોઢ દાયકામાં નાથાભાઇએ ગજબનું કાઠું કાઢયું.

**સ્વ-વિકાસ :**

નાથાભાઇ શાળાએ જઇને ભણ્યા નહોતા, પરંતુ પોતાની આગવી શકિતથી વિકાસ સાધ્યો હતો. સિત્તેરના દાયકામાં નાથાભાઇ ગુજરાતના ટોચના વકતાઓ પૈકીના એક હતા. તેમની જાહેરસભાઓ મેળવવા માટે કાર્યકરો પડાપડી કરતા. લોકો પણ નાથાભાઇની પ્રભાવી વાક્છટા, તર્કબદ્ધ રજૂઆત, ગામઠી તળપદી વાર્તાઓ, વાતમાં વ્યકત થતી નિર્ભીકતાથી સૌને આર્કષતા હતા.નાથાભાઇ જાહેરસભાઓ ગજવતા, એટલું જ નહીં, બુદ્ધિજીવીઓના મંચ હોય, લાયન્સ કે રોટરી કલબ જેવા સંગઠનમાં બોલવાનું હોય, તો જનસંઘની નીતિવિષયક વાતો, રાષ્ટ્ર સમક્ષના પ્રશ્નો અંગેનું ગંભીર ચિંતન વ્યકત કરવામાં તેમની પ્રખરતા સર્વમાન્ય હતી. તેઓ બહુશ્રુત હતા. અભ્યાસ કરવાની આદત પણ તેમણે કેળવી હતી.

અંગ્રેજીનું ભણતર તો એમના નસીબમાં કયાંથી હોય ? પરંતુ નાથાભાઇની સ્વ-વિકાસની ઇચ્છા એટલી પ્રબળ હતી કે કટોકટી વખતે સંઘ-કાર્યાલય - હેગડેવાર ભવન સરકારે જપ્ત કર્યુ, સામાનની યાદી બનાવી, ત્યારે નાથાભાઇના કબાટમાંથી અંગ્રેજી પાઠમાળા  અને ‘ઝડપી અંગ્રજી બોલતાં શીખો’ જેવાં પુસ્તકો નીકળ્યા હતાં.

વર્ષો પહેલાં એકવાર - ઘણું કરીને ૧૯૬૯ના કોમી હુલ્લડો વખતે - શ્રી ઉદયન ચીનુભાઇને ઘરે શ્રી નાથાભાઇ સાથે મળવા જવાનું થયું. શ્રી ઉદયનભાઇના પત્ની સ્વ. મોનાબહેન નાથાભાઇ સાથે અંગ્રેજીમાં જ વાતચીત કરે. પ્રશ્નો પણ અંગ્રેજીમાં જ પૂછે. એ વખતે મેં આશ્ચર્ય વચ્ચે જોયું કે નાથાભાઇએ અંગ્રેજીમાં પુછાયેલ દરેક પ્રશ્નનો તદ્દન સાચો જવાબ ગુજરાતીમાં આપ્યો હતો. આ સિદ્ધિ નાનીસૂની નહોતી. નાથાભાઇ હંમેશા ‘Organiser’ વાંચવાનો પ્રયાસ કરતા.

રાજકીય પક્ષ તરીકે જનસંઘ ગુજરાતમાં નવોસવો પ્રયાસ હતો. પક્ષના નામથી ઓળખાણ કરાવવાના એ દિવસો હતા. વસંતભાઇ ગજેન્દ્રગડકર અને નાથાભાઇની જોડી જનસંઘનો વ્યાપ વધારવા અથાક પ્રયાસ કરતી. સ્વતંત્ર પક્ષના ભાઇકાકા જનસંઘના નેતાઓની મજાક કરતાં કહેતા : દિવાલો પર દીવા ચીતરવાથી ચૂંટણીઓ ન જિતાય. એ વખતે જનસંઘનું પ્રતીક દીવો હતું.

જનસંઘના વિસ્તારનો મૂળ મંત્ર હતો : કાર્યકરનો એક પગ રેલમાં અને બીજો પગ જેલમાં. એક પગ રેલમાં મતલબ અવિરત ભ્રમણ કરવું અને જેલમાં મતલબ પ્રજાહિત માટે નિરંતર સંઘર્ષ કરવો. નાથાભાઇ આ મૂળ મંત્રને લઇ ગુજરાતમાં જનસંઘનો દીવો ઝળહળતો રાખતા રહ્યા.

ભારતીય જનતા પાર્ટીની આજની જાહોજલાલી જોઇ ભાગ્યે જ કોઇ અનુમાન કરી શકશે કે જનસંઘના જમાનાની પ્રથમ પેઢીએ કેવી તપશ્ચર્યા કરીને આ વિરાટ વટવૃક્ષનું સંવર્ધન કર્યુ છે.

જનસંઘના પ્રારંભિક દિવસોમાં નાથાભાઇ અનેક રોલ ભજવતા. અમદાવાદ શહેરના કોઇ વિસ્તારમાં જનસંઘની જાહેરસભા હોય તો પાંચ-પંદર સાથીઓને લઇ અઠવાડિયાં સુધી રાત્રે દીવાલો ઉપર જાતે સૂચના અને સૂત્રો લખવા નીકળી પડે. જે દિવસે સભા હોય તે દિવસે જાતે નાનકડું માઇક લઇ સાયકલ પર, તો કયારેક ત્રણ પૈડાંવાળી પેડલ રિક્ષામાં બેસી શહેરની પોળોમાં, ગલી-મહોલ્લામાં જઇ સભાની જાહેરાત કરે. સભાની સાંજે જાતે માઇક બાંધે અને નજીકના ઘરે જઇ વ્યવસ્થિત કપડાં બદલીને આવી મંચ પર બેસી ભાષણ કરે. બધાં કામ જાતે કરવાં પડે. ભાષણની ઓજસ્વિતા જોઇ કોઇ ભાગ્યે જ વિચારી શકે કે આવું પ્રભાવી વ્યકિતત્વ દીવાલો ચીતરે, રિક્ષામાં માઇક લઇ પ્રચાર-ફેરી કરે, જાતે સાંજે માઇકના ભૂંગળા બાંધે અને રાત્રે અપટુડેટ કપડાં પહેરી ખુદ જ નેતા બની પ્રભાવી ભાષણ કરે. હા... નાથાભાઇએ આવા બધા રોલ એકસાથે નિભાવી જનસંઘનો પાયો મજબૂત કર્યો હતો.

કોંગ્રેસનું સમગ્ર દેશમાં એકચક્રી શાસન હતું. પરંતુ કોંગ્રેસ સ્વભાવે અંગ્રેજોની જેમ સત્તામાં શંકા-કુશંકાઓના ભાર વચ્ચે જ જીવતી. કોંગ્રેસે અંગ્રેજોનો આ વારસો પૂરેપૂરો જાળવી રાખ્યો. પરિણામે કોંગ્રેસ સાથે ન હોય તેવી બધી જ પ્રવૃત્તિની તરફ શંકાની નજરે જોવું. જાસૂસીતંત્ર પૂરેપૂરું અંગ્રેજોની જેમ જ વિરોધીઓ પાછળ લગાડી દેવું એ વારસો બરાબર જાળવ્યો હતો. જનસંઘના બધા મુખ્ય નેતાઓ કોંગ્રેસ સરકારની જાસૂસીતંત્રની છાયામાં રહેતા. જાસૂસીતંત્ર માટે નાથાભાઇ માથાનો દુઃખાવો હતા. નાથાભાઇ અમદાવાદમાં જનસંઘના કામ માટે સાઇકલ ઉપર એક ખૂણેથી બીજે ખૂણે સતત દોડતા હોય. રોજ ૬૦થી૭૦ કિ.મી. સાઇકલ પર દોડતા રહેવું એ નાથાભાઇ માટે ડાબા હાથનો ખેલ હતો. જાસૂસીતંત્રમાંથી આવેલ પોલીસના કર્મચારી માટે નાથાભાઇનો પીછો કરવો હોયતો મોઢે ફીણ આવી જાય. પોલીસતંત્રમાં કામ કરતાં સહુ નાથાભાઇની જાસૂસીના કામથી ફફડતા. સમગ્ર તંત્રમાં જાસૂસીનું એ કામ સજાપાત્ર કામ ગણાતું. નાથાભાઇના પરિશ્રમની પરાકાષ્ઠાનો આ જીવતો જાગતો નમૂનો છે.

સિત્તેરના દાયકામાં સુવર્ણધારાને કારણે કોંગ્રેસ સરકાર સામે દેશભરમાં સુર્વણકારોએ આંદોલન ચલાવ્યું હતું. ત્યારે નાથાભાઇએ ગુજરાતમાં સુર્વણકારોના આંદોલનને અભૂતપૂર્વ બળ પુરૂ પાડીને લોકશકિતનાં દર્શન કરાવ્યાં હતાં.

કટોકટી સામેની લડાઇ નોખી હતી. લોકતંત્રની પુનઃસ્થાપના માટે આપખુદ, દમનખોર સરકાર સામે લડવાનું હતું. નાથાભાઈનું સંગઠન-કૌશલ્ય અને ગુજરાતને ગામડે-ગામડે પથરાયેલાં હજારો કુટુંબો સાથેનો જીવંત સંપર્ક સમગ્ર લડતમાં ખૂબ જ લેખે લાગ્યાં.

રાજકીય મંચ ઉપર તરવરિયા લાગતા નાથાભાઇ સ્વભાવે પરગજુ હતા. ગુજરાતભરમાંથી કાર્યકરો અમદાવાદમાં હોસ્પિટલમાં કે સારા ડોકટરને ત્યાં સારવાર લેવા આવે, તો તેમની પૂરતી કાળજી લેવા તેઓ ખૂબ પ્રયાસ કરતા. ઘણી વાર તો દિવસો સુધી તેઓ એ કામમાં ખૂંપી જતા. તેમના આ સેવાભાવને કારણે ડોકટરોનું વિશાળ વર્તુળ તેમના નિત્ય સંપર્કમાં રહેતું.

નાથાભાઈને સિનેમા જોવાનો શોખ ભારે. કેન્દ્રમાંથી જનસંઘના કોઈ નેતા આવે તો તેમના અનેક કાર્યક્રમો સાથે એક કાર્યક્રમ રાત્રે ફિલ્મ જોવાનો ગોઠવે જ. વળી સાથે શહેરના અનેક સાથીઓને પણ નોતરે. બાબત ગમે તે હોય, જ્યાં સુધી મેળાવડો ન જામે ત્યાં સુધી નાથાભાઈને બધું જ અધુરું લાગે.

**પરિવાર ભાવ :**

સંઘકાર્યમાં એકત્વ-શકિત (સીમેંટિગ ફોર્સ) તરીકે જે અખૂટ શકિતનો ભંડાર (સ્ત્રોત) વહી રહ્યો છે તે છે પરિવાર-ભાવ. સંઘકાર્યમાં પરિવારો સાથે ન જોડાઈ શકીએ તો તે કાર્યની ઊણપ ગણાય. નાથાભાઈમાં આ કુનેહ વિશિષ્ટ રીતે વિકસી હતી. ગુજરાતનાં સેંકડો ગામોમાં હજારો પરિવારોમાં નાથાભાઇ એક કુટુંબના જ સભ્ય બની રહ્યા હતા. કટોકટીના દિવસોમાં જ્યારે ભૂગર્ભ ચળવળ ચાલતી હતી, નાનામોટા અનેક કાર્યકરો ભૂગર્ભમાં રહેતા હતા ત્યારે સહુએ અનુભવ કર્યો હતો કે નાથાભાઇ દ્વારા તૈયાર થયેલ અનેક કુટુંબ અને તેમનાં ઘર કટોકટી સામેની લડાઈના અભેદ્ય કિલ્લા પુરવાર થયાં હતાં.

**અપાર આત્મવિશ્વાસ :**

નાથાભાઈ કાર્ય કરતી વખતે કયારેય પોતાનામાં હીનભાવ અનુભવતા નહોતા. પોતે કેટલું ભણ્યા છે, આર્થિક સ્તર કયો છે, વગેરે બાબતોથી તે પર થઇ ગયા હતા. યુનિવર્સિટિમાં જઈ ખુરાંટ પ્રાધ્યાપકો સામે દબદબાપૂર્વક વાત મૂકવા કે વકીલોના બારમાં કે ડોકટરોના એસોશિએશનમાં કે પત્રકારો વચ્ચે તર્કબદ્ધ રીતે પોતાની વાત મૂકવા તે ટેવાયેલા હતા.

૧૯૬૭?૬૮માં કર્ણાવતી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ હતી. ચૂંટણી પૂર્વે જનસંઘ તરફથી પ્રભાવી ઉમેદવારો શોધવાનો પ્રયાસ ચાલતો હતો. નાથાભાઇ સેંટ ઝેવિયર્સ કોલેજમાં પ્રાધ્યાપક-ખંડમાં મજમો જમાવીને બેઠા. પ્રાધ્યાપકો રાજકારણીઓ પર તૂટી પડયા. રાજકારણીઓ ઉપર અનેક આરોપો કર્યા. નાથાભાઇએ એક પણ વાતનો બચાવ ન કર્યો. બધા થાકયા એટલે નાથાભાઇએ ધીરેકથી કહ્યું : ''આગામી કોર્પોરેશન ચૂંટણીમાં તમારામાંથી થોડાક મિત્રો ઉમેદવારી કરો. જનસંઘને આપને ટિકિટ આપશે.'' બધા પ્રાધ્યાપકોએ હાથ ઉપર કરી દીધા. નાથાભાઇએતરત જ ચોપડાવ્યું : ''લોકશાહીમાં કોઇ જગ્યા ખાલી નથી રહેતી. તમે નહીં આવો તો ગુંડાઓ, નબળા લોકો એ જગ્યા ભરી કાઢશે. પછી તમને રાજકારણીઓને કોઇ ગાળો દેવાનો અધિકાર રહેતો નથી.'' ૨૫થી ૩૦ અધ્યાપકોનું આખુંય ટોળું ચૂપ થઇ ગયું. મોં પરથી માખી ઉડાડવાના પણ હોશ નહોતા.

કેન્દ્ર (દિલ્હી)માં જનતાપક્ષના પતન પછીની ચૂંટણીમાં જનતાપક્ષનો કારમો પરાજય થયો. દિલ્હીના એક પત્રકાર નાથાભાઇને મળવા આવ્યા. પરાજય બાબતે વિસ્તારથી વિશ્લેષણ કરવા માગતા હતા. નાથાભાઇને પૂછ્યું, ''ચૂંટણીમાં આવો કારમો પરાજય કેમ થયો ?'' નાથાભાઇએ તડાક દઇને એક જ વાકયમાં જવાબ દીધો, ''લોકોએ વોટ ના આપ્યા એટલે હારી ગયા.'' પેલો પત્રકાર આભો જ બની ગયો. સાવ ટૂંકુ વિશ્લેષણ.

જાણીતા હાસ્યલેખક શ્રી વિનોદ ભટ્ટ જેવા અનેક બુદ્ધિજીવી મિત્રો શ્રી નાથાભાઇ સાથે ગપાટા મારવા હેગડેવાર ભવનમાં આવતા હતા. વળી નાથાભાઇ હોંશે હોંશે જાતે બનાવીને સાબુદાણાની ખીચડી એમને જમાડતા. હા, નાથાભાઇ સાબુદાણાની ખીચડી બનાવવામાં એકકા (એકસપર્ટ) હતા.

વસંતભાઇ ગજેન્દ્રગડકર વકીલાત કરતા હતા. નાથાભાઇનું તેમને મળવાનું સ્થળ એટલે કોર્ટ. જોતજોતામાં સ્થિતિ એવી થઇ ગઇ કે નાથાભાઇ કોર્ટમાં આવે તેની વકીલો રાહ જોતા. નાથાભાઇ સાથે દરબાર ભરવા સહુ આતુર રહેતા. અઠવાડિયે એકાદ વાર નાથાભાઇ સાથે આ સીનિયર વકીલોની પંચાયત ન મળે તો જ આશ્ચર્ય.

**ભોજનપટુ :**

નાથાભાઇ હોય અને દરબાર ન ભરાયો હોય એવું જવલ્લે જ બને અને દરબાર એટલે લૂખો-સૂકો નહીં. ફાફડા, ગાંઠિયા, ખમણ કે ભજિયાં વિના તો દરબાર કેવો ! કાર્યકર્તા મળવા આવે એટલે હકકપૂર્વક કહે, ''કેમ, ખાલી હાથે હેંડયા આવ્યા?''

નાથાભાઇના પરિવાર-ભાવમાં ભાભીઓનું અનેરું સ્થાન હતું. કઇ ભાભી ઢોકળા સરસ બનાવે છે, કઇ ભાભી પીઠલું ભાત સરસ બનાવે છે, કઇ ભાભી હાંડવો સરસ

બનાવે છે, કઇ ભાભી મેથીના ગોટા સરસ બનાવે છે... બધી જ તેમને ખબર અને એ ઘરમાં પ્રવેશતાં જ બંને પક્ષો સમજી જાય કે આજે શું રાંધવું. નાથાભાઇના કેટલાક વિશેષ પરિવાર હતા : પાણીપૂરી પરિવાર, દહીંવડા પરિવાર, ઢોકળાં પરિવાર... વગેરે... વગેરે...

એક વાર એક કાર્યકર્તા નાથાભાઇ પાસે કલકત્તા કાર્યાલયમાં રહેવા માટે પરિચયપત્ર લેવા આવ્યા. નાથાભાઇએ પૂછ્યું, ‘‘પરિચયપત્ર પછી, પહેલાં બોલો, ટ્રેનમાં જવાના? રસ્તામાં કયાં સ્ટેશન આવે છે ખબર છે? કયા સ્ટેશને શું ખાવાનું મળે એ ખબર છે?’’ પેલા ભાઇ બિચારા પ્રશ્નો સાંભળીને નાથાભાઇ સામે જોઇ રહ્યા. નાથાભાઇ કહે, ‘જોઇ શું રહ્યા છો? કાગળ કાઢો... લખો.. નડિયાદ સ્ટેશને ટમટમ, આણંદ સ્ટેશને ગોટા, વડોદરામાં લીલો ચેવડો... ભરૂચમાં ખારી સીંગ, સુરતમાં ઘારી, બારડોલીમાં પાતરાં... છેક કલકત્તા સુધીના દરેક સ્ટેશનની વાનગી લખાવી દીધી. પછી કહ્યું,‘બોલો, દરેક સ્ટેશને ઊતરીને મને યાદ કરીને કંઇ ને કંઇ ખાશો ને? તો જ ચિઠ્ઠી મળશે.’

**સંવેદનશીલ પરગજુ :**

નાનીમોટી મુસીબત વેળાએ ગુજરાતભરમાંથી કાર્યકરો કર્ણાવતી દોડી આવે. ખાસ કરીને હોસ્પિટલોમાં સારવાર માટે આવતા કાર્યકરો અને તેમનાં પરિજારજનોનો આવરો ઘણો વધારે ઘણોવધારે. કોર્ટ-કચેરી અને સરકારી કામે આવનારાઓનો પ્રવાહ પણ નિરંતર રહે. બધાને કંઇ ને કંઇ મદદ જોઇએ. દરેક નાથાભાઇનું જ નામ લઇને આવે. કોઇને દર્દી માટે લોહી જોઇતું હોય, કોઇ દર્દીના કુટુંબને રહેવા માટે જગ્યા જોઇતી હોય, કોઇને સારા ડોકટરની શોધ હોય, કોઇ દીકરી માટે સારો છોકરો શોધતા હોય, આવાં તો અનેક કામો નાથાભાઇ એકલે હાથે કરતા રહેતા.

કર્ણાવતીમાં એક વાર સાબરમતીમાં પૂર આવ્યું. પાલડીની એક આખી સોસાયટી તણાઇ ગઇ. નાથાભાઇએ મોટા પાયે સેવા-કામ ઉપાડયું. કેસરિયા ટોપી પહેરીને જનસંઘના જુવાનિયાનાં ધાડાં ને ધાડાં સેવા માટે ઊમટી પડયાં. કર્ણાવતીનાં નગરજનોએ અને છાપાંઓએ ભરપેટ વખાણ કર્યા.

નાથાભાઇના હાથે બે-ત્રણ વાર ફ્રેકચર થયું હતું. રસ્તે જતાં-આવતાં કે કે પ્રવાસમાં, ટ્રેઇનમાં કે બસમાં કોઇ બહેન-દીકરી સાથે અડપલાં કરે કે અસભ્ય વર્તન કરે તો નાથાભાઇ સાંખી શકતા નહીં. પારકો ઝઘડો માથે લેતા અને આવા જ ઝઘડામાં ઝગડાજીને બેત્રણ વાર ત્રણત્રણ મહિનાના પાટા બાંધવા પડયા હતા.

નાથાભાઇના અવાજમાં રૌદ્રતા હતી, પરંતુ ઋજુ, સંવેદનાસભર પરગજુ વ્યકિતત્વ હતું. નાથાભાઇનું જીવન ભણતર નહોંતુ પામ્યું, પરંતુ ગણતરમાં પારંગતતા મેળવી હતી. નાથાભાઇનું જીવન ગણતર અને ઘડતરનું બેમિસાલ મિલન હતું.

ભાજપની વર્તમાન પેઢી માટે નાથાભાઇનું જીવન વધુ પરિચિત નહીં હોય, પરંતુ ભાજપ પાસે આજે જે કંઇ છે તેમાં નાથાભાઇના પરસેવાની મહેક છે. નાથાભાઇએ પોતાની જાતનું ખાતર કરીને કમળ ખીલવ્યું છે. તેમનો પરિશ્રમ, તેમની સ્વ-વિકાસ માટેની જહેમત કોઇ પણ કાર્યકર્તાને પોતાના વિકાસ માટે પ્રેરણા આપે તેમ છે. ગરીબ છીએ, નાના છીએ, અભણ છીએ વગેરે હીનભાવનો ત્યાગ કરી, સમર્ણણભાવથી લક્ષ્યને માટે કર્તવ્ય-રત રહીએ એ જ નાથાભાઇને સાચી શ્રદ્ધાંજલિ બની રહે, એ જ આજની પેઢીનું કર્તવ્ય છે.

---

## સુવિચાર

- પરિશ્રમ આપણન ત્રણ આફત માંથી ઉગારે છે - કંટાળલ, કુટેવ અને જરૂરિયાત.
- બોલીને બહેકી જવું તેના કરતાં મૌન રહીને કહેકી જવું વધારે મઝા છે.
- તમે સહેલા થઇ જાવ પછી કોઇ તમને અઘરૂં નહિં લાગે.
- નાણાથી કરેલી ભકિતની નોંધ સમાજ રાખે છે પણ શ્રધ્ધાથી કરેલી ભકિતની નોંધ ઇશ્વર રાખે છે.
- જીવનના ગણિતમાં શાંતિના દાખલા ફકત તે જ શીખી શકે જેને સંતોષના સરવાળા આવડતા હોય.
- બધા રસ્તામાં તકલીફ તો હોય પણ ઘણી તકલીફના રસ્તા પણ હોય જીતવાનું તો કયારેક જ હોય છે પણ શીખવાનું દરેક વખતે હોય છે.
- એક નવી દવાનું સંશોધન થયું છે મોઢામાં જીભ મુકી રાખવાથી ઘણી તકલીફોમાં રાહત મળે છે.
- ખુલાસો માત્ર એ વ્યકિતને જ અપાય જેની શ્રવણશકિત અને સમજણશકિત બંને મજબુત હોય.
- એક સુખીજીવન જીવવા માટે એ સ્વીકારવું ખૂબ જરૂરી છે કે આપણી પાસે જે છે એ સર્વશ્રેષ્ઠ છે.

- સંપાદક મંડળ

# :: સમસ્ત પટ્ટ પરિવાર જોગ ::

સર્વે પટ્ટ પરિવારને જય માતાજી, સહર્ષ ખુશી સાથે જણાવતા આનંદ થાય છે કે, આપણા પટ્ટ પરિવારના કુળદેવીશ્રી મહાકાળી માતાજી ના આશીર્વાદથી અને માતાજીની રજાથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના (દ્વારકા થી ૫ કિલોમીટર) વરવાડા ગામ આપણા કુળદેવીમાં નું મંદિર નું નવનિર્માણ કાર્ય ખૂબ જ સરસ આગળ વધી રહ્યુ છે. માતાજીના આશીર્વાદની અમીવર્ષા નિરંતર આપણા પરિવાર ઉપર વરસી રહી છે. આપણા કુળદેવીનું મંદિર બને છે તેનાથી આપણો પટ્ટ પરિવાર ખૂબ જ ઉત્સાહિત છે. આપણા પરિવારના બધા જ સભ્યો માતાજીના આશીર્વાદ થી આ મંદિરના નવનિર્માણ કાર્ય નિમિત્તે ખુશી ખુશી થી આગળ આવી રહ્યા છે, અને બધાનો યથાશકિત ખૂબ સરસ ફાળો આવી રહ્યો છે.

આપણે સૌ જાણીયે છીએ કે આપણે શૂન્ય માંથી સર્જન કરવાનું છે અને ખર્ચાઓનું લીસ્ટ ઘણું છે તો ફંડની જરૂર તો રહેવાની જછે, ૨૯૦૦ ફૂટના પ્લોટમાં માતાજીની પ્રેરણાથી મંદિરનું કાર્ય સરસ ચાલી રહ્યું છે, પણ સામે ખર્ચા પણ ઘણા છે, આજના જમાના પ્રમાણેની મોંઘવારી માં આ કાર્ય કરવું એ બધા ભાઇઓ ના સહયોગ વગર શકય નથી. તો પરિવાર ના બધા સભ્યો ને વિનંતી કે જેમ બને તેમ બધા આગળ આવે અને યોગદાન લખાવે, માતાજી એ સેવાનો સરસ મોકો આપ્યો છે, જીંદગી માં આવી સેવાનો અવસર કયારેક જ મળે છે, તો બધા સભ્યો આગળ આવે, જેથી કરીને આપણી કુળદેવી માં નું સરસ મંદિર બની જાય. અને આપણો આખો પટ્ટ પરિવાર સાથે મળીને માતાજીની આરાધના કરીએ અને એક છત નીચે સાથે પ્રસાદ લઇએ.

પરિવારના કોઈ સભ્યોને આ મંદિરની માહિતી ના મળી હોઇ તો એક બીજાને જાણ કરવા વિનંતી. આપના પટ્ટ પરિવારનું એક વોટ્સએપ ગ્રુપ પણ બનાવેલું છે. "SMAAST PATT PARIVAR' તેમાં દેશ વિદેશ માં રહેતા આપણા બધા પટ્ટ પીરવાર ના સભ્યો જોડાય જતા મંદિરના પ્રસંગની માહિતી બધાને મળતી રહે.

ગ્રુપ એડમીન : પરેશ પટ્ટ - મો. ૯૭૨૩૦૩૬૩૬૦

મંદિરના નવનિર્માણ ના ફોટો વિડિયો સમય સમયે વ્હોટ્સએપ ગ્રુપ માં રેગ્યુલર અપડેટ થાય છે.

-: કાર્યકર્તા ના નામ :-

કાન્તીભાઈ પટ્ટ [ઓખા ] 97253 32909

અરવિંદભાઈ પટ્ટ. [પોરબંદર] 92281 33704

ઈલાબેન પટ્ટ [રાજકોટ] 98988 92207

અતુલભાઈ. પટ્ટ [મોળપર] 98988 45966

પરેશ પટ્ટ [રાજકોટ] 97230 36360

યોગેશભાઈ પટ્ટ રાજકોટ, વિજયભાઈ પટ્ટ દ્વારકા (મોળપર),

રસિકભાઈ પટ્ટ પોરબંદર, ચંદ્રકાન્તભાઈ પટ્ટ ઓખા,

ચિરાગભાઈ પટ્ટ બેટદ્વારકા, નટુભાઇ પટ્ટ ઓખા,

# પરજીયા પ્રકાશ ફંડના દાતા

**શ્રી તુલસીદાસ ગોરધનદાસ જગડા અને પ્રભાબેન જગડા પરિવારની પરજીયા પ્રકાશ નિભાવ ફંડમાં શુભેચ્છા બદલ સંસ્થા ગૌરવ અનુભવે છે.**



પરમ પૂ. પિતાશ્રી તુલસીદાસ ગોરધનદાસ જગડા
ગો.વા.સં.૨૦૬૬ ચૈત્ર સુદ-૧૧ ને શુક્રવાર,
તા. ૨૬-૩-૨૦૧૦



પરમ પૂ. માતાશ્રી પ્રભાબેન તુલસીદાસ જગડા
ગો.વા.સં.૨૦૬૫ કારતક સુદ-૯ ને શુક્રવાર,
તા. ૭-૧૧-૨૦૦૮

## પૂ. પિતાશ્રીની નવમી પુણ્યતિથિએ સ્મૃતિ વંદના

શ્રી પ્રવીણભાઈ તુલસીદાસ જગડા
શ્રી ધીરજલાલ તુલસીદાસ જગડા
શ્રી અરૂણભાઈ તુલસીદાસ જગડા
શ્રી રમેશભાઈ તુલસીદાસ જગડા
શ્રી મહેશભાઈ તુલસીદાસ જગડા
પરિવારના જયશ્રી કૃષ્ણ

***T. H. JEWELLERS***
***DUBAI (U.A.E.)***

"પરજીયા પ્રકાશ" પોસ્ટલ રજીસ્ટ્રેશન નંબર : G2 - 14 / GJN - 37 / 2020-2022
RNI NO. GUJGUJ / 2009 / 29139 | કુલ પેઈજ : ૨૮
શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર દ્વારા સંચાલિત મુખપત્ર




# સ્મૃતિ વંદના

*શ્રી ગોવિંદભાઈ પી. ઘઘડા* *શ્રી વિજયભાઈ પી. ઘઘડા*

*શ્રી દિપકભાઈ પી. ઘઘડા*

*(ઉપલેટાવાળા હાલ નાઈરોબી)*

**Book Post**

"પરજીયા પ્રકાશ" પોસ્ટલ રજીસ્ટ્રેશન નંબર : G2 - 14 / GJN - 37 / 2020-22
RNI NO. GUJGUJ / 2009 / 29139

**To,**

- **Editor / Printer & Publisher :**
  Narendra R. Dhakan
- **Published From :**
  Parajiya Prakash karyalaya
  Shree Samast Parajiya Soni Kelvani Mandal
  2-Rajputpara, Nr. Lal Bunglow Circle, Jamnagar - Gujarat
- **Owner :**
  Shree Samast Parajiya Soni Kelvani Mandal
- **Printed at :**
  Shree Ganesh Card
  G-30, Ground Floor, Madhav Darshan Complex,
  Lal Bunglow Road, Jamnagar.

From : **PARAJIYA PRAKASH**
C/o Shri Samast Parajiya Soni Kelavani Mandal
2, Rajputpara, Jamnagar, 1. Mo.: 81539 02827
E-mail : jamsonisamaj@gmail.com